## દિલ્હી ડાયરી



### કોંગ્રેસમાં આંતરિક વિખવાદ

કોંગ્રેસ નેતા કુમારી મીનાક્ષી નટરાજનના રાજ્યસભાના નામાંકન પત્રોને ચૂંટણી પંચે એ આધારે ફગાવી દીધા છે કે, તેમણે તેલંગાણાની એક કોર્ટમાં પોતાની સામે પેન્ડિંગ ફરિયાદ વિશે ખુલાસો કર્યો ન હતો, પરંતુ આ આંતરિક વિખવાદ તેમની પોતાની પાર્ટીમાંથી જ થયો હોવાનું જણાય છે. કોંગ્રેસ હાઈકમાન્ડ પૂછી રહ્યું છે કે, આ કેસની વિગતો ભાજપને કોણે લીક કરી? ભાજપના મધ્ય પ્રદેશ રાજ્યના જનરલ સેક્રેટરી રાહુલ કોઠારીએ કુમારી નટરાજનની ઉમેદવારી સામે વાંધો ઉઠાવ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે તેઓ પોતાના નામાંકન પત્રો સાથે સબમિટ કરેલા એફિડેવિટમાં પોતાની સામેના કેસની વિગતો સંપૂર્ણપણે જાહેર કરવામાં નિષ્ફળ રહ્યા છે. આ સંદર્ભ હૈદરાબાદની એક કોર્ટમાં કુમારી નટરાજન અને કેટલાક અન્ય લોકો સામે પડતર ફરિયાદનો હતો. કારણ કે તેમની સામે કોઈ એફઆઈઆર દાખલ કરવામાં આવી ન હતી, તેથી આ કેસની વિગતો (તેવો કોઈ કેસ છે તે હકીકત સહિત) માત્ર બહુ ઓછા લોકો જાણતા હતા. વાસ્તવમાં, મધ્ય પ્રદેશના જ એક વરિષ્ઠ પક્ષના નેતાની સલાહ પર જ તેમણે પોતાના એફિડેવિટમાં આ કેસનો ઉલ્લેખ કર્યો ન હતો (તેનો ઉલ્લેખ કરવાથી પણ તેમની ઉમેદવારી રદ થઈ શકી હોત). પરંતુ પ્રશ્ન એ જ રહે છે કે, આ માહિતી ભાજપને કોણે લીક કરી?

### ચોમાસુ સત્રમાં સીમાંકન બિલ પાસ કરાવવાની ભાજપની રણનીતિ

સંસદના ચોમાસુ સત્ર માટે ભાજપ શું પ્લાનિંગ કરી રહ્યું છે? એવું લાગે છે કે નરેન્દ્ર મોદી સરકારે હજી સુધી તેના સીમાંકન બિલ પરથી આશા છોડી નથી, જે ગયા એપ્રિલમાં યોજાયેલા સંસદના વિશેષ સત્ર દરમિયાન વોટિંગમાં નામંજૂર થયું હતું. મોદી સરકારના શાસનના 12 વર્ષ પૂરા થવા નિમિત્તે આયોજિત ભવ્ય કાર્યક્રમોમાં હાજરી આપ્યા બાદ પત્રકારો વચ્ચે આ જ એક મુખ્ય ચર્ચાનો વિષય હતો. આ એક બંધારણીય સુધારો બિલ હોવાથી તેને પસાર કરવા માટે સરકારને સંસદના બંને ગૃહોમાં બે-તૃતીયાંશ બહુમતીની જરૂર હતી. એકવાર નિષ્ફળ ગયા પછી પણ સરકારે દેખીતી રીતે હાર માની નથી; અને આ બિલ હજી પણ સર્વોચ્ચ અગ્રતા ધરાવે છે (જેને મહિલા અનામત બિલ સાથે જોડવામાં આવ્યું છે). આ જ કારણ છે કે મમતા બેનર્જીના સાંસદોને પોતાના પક્ષમાં લાવવા અને જરૂરી સંખ્યા મેળવવા માટે આટલી દોડધામ ચાલી રહી છે. ભાજપના નેતાઓ એવો પણ દાવો કરે છે કે, ડીએમકે તેના 22 સાંસદોના જૂથ સાથે કાં તો આ બિલને સમર્થન આપશે અથવા મતદાનથી દૂર રહેશે. આ વાત માનવી થોડી અઘરી છે. કારણ કે, ડીએમકે આ સમગ્ર સીમાંકન પ્રક્રિયાના પ્રખર વિરોધીઓમાંથી એક હતું, અને તેણે તેને દક્ષિણ-વિરોધી ગણાવી હતી. પરંતુ, તેની સાથે એ પણ સાચું છે કે ડીએમકે પોતાનું ગઠબંધન તોડવા બદલ કોંગ્રેસથી નારાજ છે.

### પીએમ મોદીના હસ્તક્ષેપ બાદ પીઆઈબી ફેક્ટ ચેક યુનિટમાં કડકાઈ

તાજેતરના એક મીડિયા અહેવાલની સત્યતા તપાસવા માટે વડા પ્રધાન નરેન્દ્ર મોદીના વ્યક્તિગત હસ્તક્ષેપે પ્રેસ ઇન્ફોર્મેશન બ્યુરો (પીઆઈબી)ના ફેક્ટ ચેક યુનિટને વધુ સતર્ક રહેવા પ્રેરિત કર્યું છે. આ અસર મોડી રાતની શિફ્ટમાં પણ જોવા મળી હતી. અગાઉ, મધ્યમ સ્તરના અને જુનિયર કર્મચારીઓ મોડી રાતના કલાકો દરમિયાન સરકાર સંબંધિત નીતિઓની ચકાસણી અને ફેક ન્યૂઝનો પર્દાફાશ કરવાનું કામ સંભાળતા હતા. વરિષ્ઠ અધિકારીઓને મોડી રાત્રે ત્યારે જ બોલાવવામાં આવતા જ્યારે ખૂબ જ જરૂર હોય. હવે, શંકાસ્પદ પોસ્ટ્સ પર નજર રાખવા અને તેનું મૂલ્યાંકન કરવા માટે રાત્રિ શિફ્ટ દરમિયાન એક વરિષ્ઠ અધિકારીએ ફરજ પર હાજર રહેવું ફરજિયાત છે.





# ચીનમાં સદીનું સૌથી ભયાનક પૂર: ૨૦નાં મોત

**ભારે** વરસાદ અને વાવાઝોડાએ મચાવી ભારે તારાજી

**પાણીના** તેજ પ્રવાહમાં ફાર્મ તૂટતાં ૯૦૦ સાપ ભાગ્યા!

**કમર** સુધીના પાણીમાં સાપ પકડવા રેસ્ક્યૂ ટીમ તહેનાત

બેઇજિંગ, તા. 7 (PTI) ચીનના અત્યાર સુધીના સૌથી ભયાનક પૂરમાં ઓછામાં ઓછા 20 લોકોનાં મોત થયાં છે અને અન્ય 331 લોકો ઘાયલ થયા છે. ઉછળતા પાણીના જોરથી એક ફાર્મ તૂટી પડતાં લગભગ 900 જેટલા સરકતા સરીસૃપો ત્યાંથી ભાગી છૂટ્યા હતા. એમ સત્તાવાળાઓએ મંગળવારે જણાવ્યું હતું.

અધિકારીઓએ જણાવ્યું હતું કે, સોમવાર રાતથી ચીનમાં કેટલાય સ્થળોએ સર્જાયેલા ખરાબ હવામાનના કારણે ભારે તબાહી મચી છે. સરકારી ન્યૂઝ એજન્સી સિન્હુઆએ અહેવાલ આપ્યો છે કે, રાષ્ટ્રપતિ શી જિનપિંગે મંગળવારે પૂર કટોકટી બચાવ, આપત્તિ રાહત અને ઘાયલોની સારવાર માટે સર્વગ્રાહી પ્રયાસો હાથ ધરવા આહવાન કર્યું હતું.

રાષ્ટ્રપતિએ દેખરેખ, ઉચિત સમયે ચેતવણી અને કટોકટીની સજ્જતા તથા પ્રતિભાવને મજબૂત કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. રાષ્ટ્રપતિએ લોકોના જીવન અને સંપત્તિની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે આપત્તિ નિવારણ અને રાહત કામગીરીમાં નક્કર પ્રયાસો કરવા પણ અનુરોધ કર્યો હતો.

સોમવારે રાત્રે ભારે ગાજવીજ સાથે વરસાદ અને પૂર આવતાં હેંગઝોઉના એક ફાર્મમાંથી 900 સાપ ભાગી ગયા હતા.

હોંગકોંગ સ્થિત સાઉથ ચાઈના મોર્નિંગ પોસ્ટે અહેવાલ આપ્યો હતો કે, એક વાયરલ વીડિયોમાં લોકો કમર સુધીના પાણીમાં વાંસની લાકડીઓ લઈને ઊભેલા અને સાપને પકડવાનો પ્રયાસ કરતા જોવા મળ્યા હતા.

ગામના અધિકારી, વુ ઝીએ રેડ સ્ટાર ન્યૂઝ પોર્ટલને જણાવ્યું કે, મોટા ભાગના સાપ ઝેરી નહોતા અને તેમને માછલી પકડવાની જાળી તથા સ્ટન ગન વડે પકડવા માટે 10 લોકોની ટીમ બનાવવામાં આવી છે.

ગામના અધિકારીએ ગ્રામજનોને ચેતવણી આપી હતી કે, જો તેઓને તેમના ઘરોમાં કોઈ સાપ જોવા મળે તો તેઓ પોતાના હાથે સાપ પકડવાનો પ્રયાસ ન કરે.

ભારે વરસાદને કારણે દેશભરની 62 નદીઓ પૂરની ચેતવણીના સ્તરથી ઉપર વહી રહી છે.

સોમવારે રાત્રે હુબેઈ પ્રાંતના પૂર્વીય ભાગમાં વાવાઝોડું, ગાજવીજ સાથે વરસાદ અને ભારે વેગથી પવન ફૂંકાયો હતો, જેમાં 11 લોકોના મોત થયા હતા, જ્યારે એક વ્યક્તિ ગુમ હોવાના અહેવાલ છે.

ભારે હવામાનના કારણે ત્રણ વિસ્તારમાં ઓછામાં ઓછા 331 લોકો ઘાયલ પણ થયા છે. 400થી વધુ રહેવાસીઓને સુરક્ષિત સ્થળાંતરિત કરાયા છે. અહેવાલ મુજબ, ખરાબ હવામાનને કારણે 22 ઈમારતો સંપૂર્ણ નષ્ટ થઈ ગઈ છે અને અન્ય 4,855 ઈમારતોને નુકસાન થયું છે.



» સ્પેનના પેમ્પલોનામાં પ્રખ્યાત 'બુલ રન' ઉત્સવનો પ્રારંભ: સ્પેનના પેમ્પલોના શહેરમાં પરંપરાગત સેન ફર્મિન ફેસ્ટિવલ અંતર્ગત યોજાયેલી 'એન્સિએરો' (બુલ રન - આખલા દોડ)માં ઉત્સાહભેર ભાગ લઈ રહેલા લોકો. શહેરના રક્ષક સંતની યાદમાં દર વર્ષે ૬ થી ૧૪ જુલાઈ દરમિયાન આ ઉત્સવ યોજાય છે. જૂના શહેરની સાંકડી ગલીઓમાં દોડતા આખલાઓથી આગળ નીકળી જવાની રોમાંચક સ્પર્ધામાં ભાગ લેવા માટે દુનિયાભરમાંથી પ્રવાસીઓ અહીં ઉમટી પડે છે.

# મોદીને મળ્યું ઈન્ડોનેશિયાનું સર્વોચ્ચ સન્માન

**આ** સન્માન કરોડો ભારતીયોનું છે: વડા પ્રધાન મોદી

જકાર્તા, તા. ૭ (પીટીઆઈ) વડા પ્રધાન નરેન્દ્ર મોદીને બંને દેશો વચ્ચેના સંબંધોને મજબૂત કરવામાં તેમની ભૂમિકા બદલ મંગળવારે ઈન્ડોનેશિયાના સર્વોચ્ચ સન્માન 'બિન્તાંગ આદિપુર્ણ ઓફ ધ રિપબ્લિક ઓફ ઈન્ડોનેશિયા' મેડલથી નવાજવામાં આવ્યા હતા.

ઈન્ડોનેશિયાના રાષ્ટ્રપતિ પ્રબોવો સુબિયાંતોએ મોદીને આ મેડલ અર્પણ કર્યો હતો.



વડા પ્રધાન કાર્યાલયે એક્સ પર પોસ્ટ કર્યું હતું કે, "આજે સવારે મને અપાર સ્નેહ સાથે ઈન્ડોનેશિયાના સર્વોચ્ચ સન્માનથી પણ નવાજવામાં આવ્યો છે. આ સન્માન કરોડો ભારતીયોનું છે... તે ઈન્ડોનેશિયાના લોકોની ભાવનાઓ, ભારત અને ઈન્ડોનેશિયા વચ્ચેના ઐતિહાસિક અને ગાઢ સંબંધોનું છે."

પોસ્ટમાં કહેવામાં આવ્યું હતું કે, "હું રાષ્ટ્રપતિ પ્રબોવોજી, ઈન્ડોનેશિયાની સરકાર અને અહીંના લોકો પ્રત્યે મારી હૃદયપૂર્વકની કૃતજ્ઞતા વ્યક્ત કરું છું: પીએમ નરેન્દ્ર મોદી." વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું હતું કે, આ એવોર્ડ ભારત-ઈન્ડોનેશિયા મિત્રતા માટે એક સન્માન છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીને રાષ્ટ્રપતિ પ્રબોવો દ્વારા 'બિન્તાંગ આદિપુર્ણ ઓફ ધ રિપબ્લિક ઓફ ઈન્ડોનેશિયા' મેડલ ઓફ ઓનર એનાયત કરવામાં આવ્યો હતો. આ રિપબ્લિક ઓફ ઈન્ડોનેશિયાનું સર્વોચ્ચ સન્માન છે."

પોસ્ટમાં જણાવાયું હતું કે, "ભારત-ઈન્ડોનેશિયા મિત્રતાને મજબૂત કરવા અને ઈન્ડોનેશિયાની એકતા, સાતત્ય અને સમૃદ્ધિને આગળ વધારવામાં વડા પ્રધાનના નેતૃત્વની પ્રશંસામાં આ એવોર્ડ આપવામાં આવ્યો છે." પીએમએ આ સન્માન ભારતના લોકોને અને ભારત તેમજ ઈન્ડોનેશિયા વચ્ચેની મિત્રતાના અતૂટ બંધનોને સમર્પિત કર્યું છે.

### સરકારના દાવા વચ્ચે ARAIના ગુપ્ત રિપોર્ટમાં થયો ચોંકાવનારો ખુલાસો

# ઈ૨૦ પેટ્રોલથી વાહનોને નુકસાન?

**એન્જિનના** રબર પાર્ટ્સ ઘસાવા લાગ્યા અને એક્ઝોસ્ટ વાલ્વ ફેઈલ થયા; પરીક્ષણમાં BS-VI ટર્બો એન્જિનમાં ખામીઓ સામે આવી

**હજુ** સુધી જાહેર ન થયેલા ARAI રિપોર્ટની અંદરની વાત

નવી દિલ્હી, તા. 7: ઈ20 ઈંધણના રોલઆઉટની ભલામણ કરતકા એઆરએઆઈ (ઓટોમોટિવ રિસર્ચ એસોસિએશન ઓફ ઈન્ડિયા)ના એક અહેવાલમાં વાહનના નુકસાન અંગે નવી માહિતી બહાર આવી છે. અહેવાલમાં જણાવાયું છે કે, ઈ10-અનુરૂપ વાહનોમાં ઈ20 ઈંધણના ઉપયોગથી ઈંધણ સિસ્ટમના રબર ઘટકો, જેમ કે હોઝ, ગાસ્કેટ, સીલ અને ઓ-રિંગ્સમાં ઘસાઈ ગયા છે. અભ્યાસમાં જો જરૂરી હોય તો આ ઘટકોને બદલવાની પણ ભલામણ કરવામાં આવી છે.

પરંતુ તેને ઈ20 ઈંધણની નીતિ પર સરકાર અને વાહન-ઉત્પાદકો માટે એક મહત્ત્વપૂર્ણ સંદર્ભ દસ્તાવેજ માનવામાં આવે છે. નવા અભ્યાસને ટાંકીને એક અહેવાલમાં જણાવાયું છે કે, ફોર-વ્હીલર્સના એન્જિન ટકાઉપણા પરીક્ષણમાં, બીએ-IV એન્જિનનું પ્રદર્શન ઈ20 ઈંધણ સાથે સંતોષકારક જોવા મળ્યું હતું, જ્યારે બીએસ VI ટર્બોચાર્જ્ડ એન્જિનમાં 265 કલાકના પરીક્ષણ પછી સમસ્યાઓ જોવા મળી હતી. અભ્યાસના એન્જિન ટકાઉપણા ભાગમાં જણાવાયું છે કે, બે ફોર-વ્હીલ ડ્રાઈવ વાહન-ઉત્પાદકો (ઓઈએમ) એ પરીક્ષણો હાથ ધર્યા હતા. એક ઉત્પાદકના એન્જિને સંતોષકારક કામગીરી દર્શાવી હતી અને 400 કલાકના પરીક્ષણ દરમિયાન ઈ20 ઈંધણમાં કોઈ સમસ્યા દર્શાવી ન હતી. બીજા ઉત્પાદકના એન્જિનમાં કુલ 809 કલાકના પરીક્ષણ દરમિયાન એક્ઝોસ્ટ વાલ્વમાં થર્મોમિકેનિકલ નિષ્ફળતા જોવા મળી હતી.આ રિપોર્ટથી પરિચિત લોકોને ટાંકીને અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે, અન્ય ઓઈએમ પર આ એક્ઝોસ્ટ વાલ્વ નિષ્ફળતા પાછળ અન્ય તક્નિકી કારણો હોઈ શકે છે. વાહન પરીક્ષણ નિષ્ણાતોના મતે, એન્જિન ટકાઉપણું પરીક્ષણો સામાન્ય રીતે આશરે 2,000 કલાક માટે હાથ ધરવામાં આવે છે.

### ઈ૨૦ પેટ્રોલથી વાહન બગડ્યું હોય તો એકનું નામ આપો": ગડકરી

**દેશની** પ્રગતિ માટે સ્વચ્છ ઊર્જા અપનાવવાનું અત્યંત જરૂરી: કેન્દ્રીય મંત્રી

નવી દિલ્હી, તા. ૭ (PTI) ઈ20 પેટ્રોલ (૨૦ ટકા ઇથેનોલ-મિશ્રિત)ના વેચાણની ફરજિયાત જોગવાઈની થઈ રહેલી આલોચના અને વાહનોની ઈંધણ કાર્યક્ષમતા (માઇલેજ) ઘટવાની ફરિયાદો વચ્ચે કેન્દ્રીય મંત્રી નિતિન ગડકરીએ મંગળવારે વિવેચકોને પડકાર ફેંક્યો હતો કે તેઓ એવા એક પણ વાહનની ઓળખ કરી બતાવે જેને આ મિશ્રિત ઈંધણના કારણે સમસ્યાઓનો સામનો કરવો પડ્યો હોય. અહીં 'વિકસિત ભારત કોન્ક્લેવ'ને સંબોધતાં ગડકરીએ વધુમાં જણાવ્યું હતું કે, અશ્મિભૂત ઈંધણ (ફોસિલ ફ્યુઅલ) પર ભારતની નિર્ભરતા આર્થિક બોજ પણ છે - કારણ કે ઈંધણની આયાત પાછળ વાર્ષિક ૨૨ લાખ કરોડ રૂપિયા ખર્ચાય છે - અને પર્યાવરણીય જોખમ પણ છે. આથી દેશની પ્રગતિ માટે સ્વચ્છ ઊર્જા અપનાવવાનું અત્યંત જરૂરી છે. "એવો કોઈ કિસ્સો નથી કે જેમાં કોઈ વાહનને ઈ20 પેટ્રોલના કારણે સમસ્યાનો સામનો કરવો પડ્યો હોય. શું દેશમાં એવું કોઈ વાહન છે જેને ઈ20 પેટ્રોલના ઉપયોગને કારણે કોઈ તકલીફ થઈ હોય? માત્ર એકનું નામ આપો." "...વધુ પ્રમાણમાં ઇથેનોલ-મિશ્રિત પેટ્રોલના રોલ-આઉટ અંગે ખોટી અફવાઓ ફેલાવવામાં આવી રહી છે. આ પેઇડ (પૈસા આપીને ચલાવવામાં આવતી) ઝુંબેશ છે." ગડકરીએ કહ્યું કે, ભારતે આયાતી ક્રૂડ ઓઇલ પરની નિર્ભરતા ઘટાડવા અને કાર્બન ઉત્સર્જનમાં ઘટાડો કરવા માટે સ્વચ્છ-બળતણ ઈંધણ બનાવવા માટે પેટ્રોલ સાથે ઇથેનોલ (શેરડી, મકાઈ અથવા ચોખા જેવા બાયોમાસમાંથી ઉત્પાદિત)ના ૨૦ ટકા મિશ્રણનું લક્ષ્ય પહેલેથી જ પ્રાપ્ત કરી લીધું છે. બ્રાઝિલના ગ્રાહકોની જેમ, ભારતમાં વાહનમાલિકો પાસે પેટ્રોલ પંપ પર અલગ-અલગ ઈંધણ પસંદ કરવાનો વિકલ્પ નથી, જ્યાં ગ્રાહકોને અલગ-અલગ કિંમતો સાથે ઈંધણની પસંદગી આપવામાં આવે છે. બ્રાઝિલના કાયદા હેઠળ, ઉચ્ચ ઇથેનોલ મિશ્રણ માટે કિંમતમાં ડિસ્કાઉન્ટ આપવું ફરજિયાત છે.

# પાકિસ્તાનના બલૂચિસ્તાનમાં આતંકવાદી હુમલામાં 9 પોલીસકર્મીઓ માર્યા ગયા

**ક્લિયરન્સ** ઓપરેશનમાં ટીટીપીના 15 આતંકવાદીઓ પણ માર્યા ગયા

ઈસ્લામાબાદ, તા. 7 (PTI) પાકિસ્તાનના બલૂચિસ્તાન પ્રાંતમાં એક પોલીસ પોસ્ટ પર થયેલા આતંકવાદી હુમલામાં ઓછામાં ઓછા નવ પોલીસકર્મીઓ માર્યા ગયા છે. એમ અધિકારીઓએ મંગળવારે જણાવ્યું હતું.

આ ઘટના સોમવારે રાત્રે ઝિયારત જિલ્લાના માંગી ડેમ વિસ્તારમાં આવેલી પોલીસ પોસ્ટ પર બની હતી.

ડોન અખબારના અહેવાલ મુજબ, ઝિયારતના ડેપ્યુટી કમિશનર અબ્દુલ કુદૂસ અચકઝઈએ પુષ્ટિ કરી છે કે, નવ પોલીસકર્મીઓ માર્યા ગયા છે અને પાંચ હજુ પણ ગુમ છે.

સરકારી પ્રસારણકર્તા પીટીવીએ અહેવાલ આપ્યો હતો કે, વડા પ્રધાન શહબાઝ શરીફે આ હુમલાની નિંદા કરી હતી અને માર્યા ગયેલા લોકોને શ્રદ્ધાંજલિ આપી હતી. અચકઝઈએ જણાવ્યું કે, વિસ્તારમાં વધારાના જવાનો મોકલવામાં આવ્યા છે, અને ગુમ થયેલા પોલીસ અધિકારીઓને શોધવા માટે ઓપરેશન ચાલુ છે.

બલૂચિસ્તાનના મુખ્યમંત્રીના સહાયક શાહિદ રિંદે એક નિવેદનમાં જણાવ્યું કે, માર્યા ગયેલા લોકોમાં માંગી અને કાવસ પોલીસ સ્ટેશનના સ્ટેશન હાઉસ ઓફિસર્સ (એસએચઓ) અને એન્ટી-ટેરરિસ્ટ ફોર્સના ઈન્ચાર્જ હેડ કોન્સ્ટેબલ સૈફુલ્લાહ સામેલ હતા.

દરમિયાન એક અલગ નિવેદનમાં રિંદે જણાવ્યું હતું કે હુમલા બાદ શરૂ કરાયેલા ક્લિયરન્સ ઓપરેશનમાં તહરીક-એ-તાલિબાન પાકિસ્તાન (ટીટીપી)ના 15 આતંકવાદીઓ માર્યા ગયા છે. ટીટીપી, જે એક આતંકવાદી જૂથ છે, તેને સંયુક્ત રાષ્ટ્ર (યુએન) દ્વારા આતંકવાદી સંગઠન જાહેર કરવામાં આવ્યું છે. રિંદે એક્સ પર એક પોસ્ટમાં જણાવ્યું કે, "ક્લિયરન્સ ઓપરેશન પૂર્ણ થઈ ગયું છે. પ્રાંતમાં કાયદો અને વ્યવસ્થાને પડકારવા બદલ આતંકવાદીઓએ ભારે કિંમત ચૂકવવી પડી છે. આતંકવાદીઓ વિરુદ્ધ ઈન્ટેલિજન્સ આધારિત ઓપરેશન વધુ તીવ્રતા સાથે ચાલુ રહેશે."




### 'રામાયણ'ના વિતરણ માટે ધર્મા પ્રોડક્શન્સની રૂ. ૨૫૦ કરોડમાં ડીલ





મુંબઈ, તા. 7 ભારતીય મહાકાવ્ય 'રામાયણ' પર આધારિત નિતેશ તિવારીની ફિલ્મનો પ્રથમ ભાગ આ ઓક્ટોબરમાં દિવાળી પર વિશ્વભરના સિનેમાઘરોમાં રિલીઝ થવાનો છે, ત્યારે તેના સહ-નિર્માતાઓ – નમિત મલ્હોત્રાની ડીએનજીઈ અને યશની મોન્સ્ટર માઇન્ડ ક્રિએશન્સે – આ ફિલ્મને સમગ્ર ભારતમાં વિતરિત કરવા માટે કરણ જોહરની ધર્મા પ્રોડક્શન્સ સાથે કરાર કર્યો છે. આ ડીલ સમગ્ર ભારતમાં એકમાત્ર વિતરણ માટે રૂ. 250 કરોડ પર નક્કી થઈ છે. અહેવાલો અનુસાર, આ બે ભાગની ફિલ્મ રૂ. 4,000 કરોડના ખર્ચે બની રહી છે. ધર્મા પ્રોડક્શન્સને થોડા વર્ષો પહેલા મોટું રોકાણ મળ્યું હતું જ્યારે અદાર પૂનાવાલાની સીરમ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ડિયાએ રૂ. 1,000 કરોડમાં પ્રોડક્શન હાઉસમાં 50% હિસ્સો ખરીદ્યો હતો.